


## ધાનેરા સામાન્ય વરસાદથી ઉભરાયું

ધાનેરામાં સામાન્ય વરસાદથી જ ધાનેરા ઉભરાઈ જવા પામ્યું હતું અને ગટરો ના ગંદા પાણી રસ્તા તેમજ લોકોના ઘરમાં ઘુસી જતા ભયાનક રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ દેશ ના વડાપ્રધાન અને ગુજરાત સરકાર સ્વચ્છ ભારત અભિયાનની મોટી મોટી વાતો કરી રહી છે ત્યારે છેલ્લા કેટલાય મહિનાથી બનાસકાંઠા જિલ્લા નું ધાનેરા શહેર ગંદકી થી ઉભરાઈ રહ્યું છે લોકો વારંવાર સફાઈ માટે રજુઆત કરવા જાય છે પણ પાલિકા ના સત્તાધીશો જાણે લોકો નું સાંભળવા તૈયાર જ ન હોય તેમ લોકો ની વાત કાન પર લેતા નથી અને સફાઈ પણ નથી કરાવતા ત્યારે આજે ધાનેરા માં સામાન્ય વરસાદ વરસતા ની સાથે જ ધાનેરા પાણી થી ઉભરાવવા લાગ્યું હતું અને ઠેર ઠેર પાણી ભરાઈ જતા લોકો ને અવર જવર કરવી મુશ્કેલ બની ગઈ હતી એટલુંજ નહીં પણ લોકો ની મુશ્કેલી તો ત્યારે વધી ગઈ હતી કે જ્યારે ગટર બ્લોક થઈ અને ગટરો ઉભરાઈ પાણી પાણી લોકો ના ઘર માં ઘુસી ગયા તો બીજી તરફ શહેર ના અનેક વિસ્તારો માં ગટરો ઉભરાઈ પાણી જાહેર રસ્તા પર આવી જતા ભારે શહેર માં ભારે દુર્ગંધ ફેલાઈ જવા પામી હતી અને આ દુર્ગંધ ધાનેરા માં ભયાનક રોગચાળો ફેલાવે તો નવાઈ ની વાત ન કહેવાય પણ આ રોગચાળો ફેલાવવા માટે જવાબદાર કોણ ...ધાનેરા ના લોકો કહી રહ્યા છે કે સામાન્ય વરસાદ થી ધાનેરા ની આવી હાલત થઈ તો ચોમાસા માં શુ થશે.



## ખેડબ્રહ્મામાં યોગ દિવસની ઉજવણી કરાઈ

૨૧ જૂન વિશ્વયોગ દિવસે ખેડબ્રહ્મા તાલુકાની સંસ્થાઓ દ્વારા યોગ કરવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મામાં શહેરીજનોએ બગીચામાં યોગ કર્યો હતો. જ્યારે શહેરની શેઠ કે.ટી. હાઈસ્કૂલ, જ્યોતિ વિદ્યાલય, આર્ટસ અને કોમર્સ કોલેજ, ગ્રેવીટી સાયન્સ સ્કૂલ, લક્ષ્મીપુરાની એન.એલ. હાઈસ્કૂલમાં બાળકોએ યોગ કર્યા હતા. આ ઉપરાંત પોલીસ ક્વાટર્સ અને વિવિધ સંસ્થાઓએ યોગ કર્યા હતા.

# ધાનેરા નગરપાલિકાના ઈન્ચાર્જ પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

### ધાનેરા નગરપાલિકામાં પ્રમુખની ખુરશી માટે થાય છે સોદા : પાલિકા પૂર્વ પ્રમુખ

ધાનેરા નગરપાલિકા ના ઈન્ચાર્જ પ્રમુખ સામે કોંગ્રેસ ના સભ્યો દ્વારા અવિશ્વાસ ની દરખાસ્ત મુકતા ધાનેરા નગરપાલિકા માં ભારે ગરમાવો જોવા મળ્યો હતો.

ધાનેરા નગરપાલિકામાં રમાઈ રહેલી ગંદી રાજનીતિથી ધાનેરાના લોકો સહુત પાલિકાના સદસ્યો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે આજે ધાનેરા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા સદસ્યો દ્વારા પાલિકા ઈન્ચાર્જ પેમુખ જગદીશ ઠક્કર સામે અવિશ્વાસની દરખાસ્ત મુકતા નગરપાલિકામાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો તો બીજી તરફ અવિશ્વાસની દરખાસ્ત મુકનાર સદસ્યએ જણાવ્યું હતું કે ધાનેરા નગરપાલિકામાં પ્રમુખની ખુરસી માટે વારંવાર સોદા કરવામાં આવે છે અને પ્રમુખનો ચાર્જ ઈન્ચાર્જ પ્રમુખને આપવામાં આવે છે માટે ધાનેરાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે અને ધાનેરામાં પાણી ગંદકી અને ઉભરાયેલી ગટરોની સમસ્યા થઈ પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે ધાનેરાની નબળી નેતાગીરી અને અણઘટ વહીવટના લીધે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અત્યારે તો માત્ર અવિશ્વાસની દરખાસ્ત જ રજુ થઈ છે અને જો લોકો આવીજ રીતે હેરાન થશે તો આવનાર સમયમાં લોકો પણ પાલિકા સામે લડી લેવાના મૂડમાં દેખાઈ આવે છે.

# માથાસુલિયા પ્રા. શાળામાં વિશ્વયોગ દિનની ઉજવણી કરવામાં આવી

માથાસુલિયા, તા. ૨૨

માથાસુલિયા પ્રા. શાળામાં વિવિધ યોગ કરાવવામાં આવ્યા હતા તથા યોગનું જીવનમાં શુ મહત્વ છે



વિશ્વયોગ દિનની ઉજવણી કરવામાં આવી. શાળાના તમામ મિત્રો આ યોગદિનની ઉજવણીમાં જોડાયા હતા. શાળાના મુ. શિ. ના માર્ગદર્શન હેઠળ ધો. ૬ થી ૮ના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા બાળકોને તેની સમજ પણ આપવામાં આવી હતી. શાળાના બાળકોએ ઉત્સાહપૂર્વક યોગદિનની ઉજવણીમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને રોજ પાંચ મિનિટ યોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# પ્રાંતિજ શાળા નં-૮ પ્રાથમિક શાળાનો વિવાદનો સુખદ અંત

### જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સુંખદ અંત લાવતાં વણજારા વિસ્તારના નગરજનો સહિત વાલીઓમાં ખુશી

પ્રાંતિજ, તા. ૨૨


સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શાળા નં-૮ પ્રાથમિક શાળાનો છેલ્લા ઘણાં સમયથી શાળાનાં મકાન માટેનો વિવાદનો



આખરે સુખદ અંત આવ્યો છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ગ્રીનપાર્ક વણઝારા વિસ્તારમાં આવેલ શાળા નં-૮ પ્રાથમિક શાળા જે ઘણા સમયથી સોસાયટીના બિલ્ડર અને પાસે રહેતાં વણઝારા વાસના સ્થાનિક લોકો વચ્ચે શાળાની જમીનને લઈને વિવાદ ચાલતો હતો અને દર વર્ષે ચોમાસામા આખી શાળામાં પાણી ભરાઈ જતા બાળકોના ભાવી ઉપર તથા અભ્યાસ ઉપર માઠી અસર પડતી. જયારે આ વાતનુ ધ્યાન તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી આર. એસ. ઉપાધ્યાયને ધ્યાને લાવતા જિલ્લા શિક્ષણ અધિકારી સ્થળ ઉપર આવી બિલ્ડરને બોલાવી તથા પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી તથા નગરપાલિકા સભ્યો તથા પદાઅધિકારી તથા વણઝારા સમાજના આગેવાનો વાલીઓ સાથે ભેગા મળી ચર્ચાઓ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા કરતાં આખરે વર્ષોથી ચાલતો વિવાદનો ઉકેલ આવ્યો હતો અને બિલ્ડર દ્વારા સદર જમીન શિક્ષણના હેતુ માટે સોસાયટીના રહીશોની અનુમતીથી અને સાથે રાખીને સદર જમીન શિક્ષણ હેતુ માટે ફાળવી આપવામાં આવી છે જયારે ચોમાસાને ધ્યાને લઈને બિલ્ડર દ્વારા શાળાની સામે આવેલ બંગલા નંબર-૭૮ ખાતે શાળાનુ નવીન મકાન ના બને ત્યાં સુધી કે અન્ય કોઈ વ્યવસ્થા ના થાય ત્યાં સુધી શાળાના બાળકોને બેસવાની સંમતિ પણ આપી છે જયારે વર્ષો પછી સુખદ અંત આવતા વણઝારા વાસના તથા શાળામાં ભણતા બાળકો ના વાલીઓમાં તથા શાળામાં ભણાવતા શિક્ષકોમાં આનંદ છવાયો હતો અને ટુંક જ સમય માં શાળા નં-૮નું નવીન અને અદ્યતન મકાન તૈયાર થઈ જશે અને સોસાયટીના રહીશોએ પણ બાંધકામ માટે જે કઈ જરૂરિયાત અને સેવા કરવાની થશે તે આપવા પણ સંમતી દર્શાવતા આખરે સોનામાં સુગંધ ભરી છે.

# મોડાસાના વલ્લભ સેવા સદન હોલ ખાતે ક્લાઈમેટ ચેન્જ ગ્લોબલ વોર્મિંગની જાગૃતિ અંગે પ્રદર્શન યોજાયુ




મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના વલ્લભસેવા સદન હોલ ખાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગ ગુજરાત સરકાર દ્વારા પ્રદર્શન ખુલ્લુ મુકી સૌર ઊર્જા દ્વારા ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાનો ઉકેલ લાવવા કટીબદ્ધ હોવાની અને લોક જાગૃતિ અંગે ત્રિદિવસીય પ્રદર્શન યોજાયુ હતુ.

મોડાસા શહેરના વલ્લભ સેવાસદન હોલ ખાતે સોલાર ઊર્જા જાગૃતી અંગેનું ત્રિદિવસીય પ્રદર્શન ખુલ્લુ મુકી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યા સામે માનવી કઈ રીતે સમસ્યાનો સામનો કરી શકે તે અંગે ગુજરાત ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ત્રિદિવસીય પ્રદર્શનમાં આવનાર મુલાકાતીઓ અને શાળા કોલેજના વિદ્યાર્થીઓને સૂર્યમાંથી વીજળી કઈ રીતે ઉત્પન્ન કરવી અને ઉત્પન્ન થયેલી ઊર્જાનો શુ ફાયદો અને સોલાર ઊર્જાથી થતા અને બીજા લાભો અને વીજળીની બચત અને વિસ્તૃત માહિતી આપવામાં આવતી હતી. રાજ્ય સરકાર દ્વારા ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગની સમસ્યા અંગે ખૂબજ ગંભીર હોવાનુ અને સમગ્ર રાજ્યમાં જન જાગૃતિ કાર્યક્રમો યોજી રાજ્યભરના લોકોને સોલાર ઊર્જા અંગે જાગૃત કરવામાં આવશે. અને વિદ્યુત વીજળીની વપરાશ ઓછો કરી લોકો સોલાર ઊર્જા વાપરવા વિવિધ યોજનાઓ અને સબસીડી આપી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાનો ઉકેલ લાવવા અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. તેમ ક્લાઈમેટ ચેન્જ વિભાગના વિસ્થીત અધિકારીઓએ જણાવ્યું હતું.

# મોડાસાની ભૂમિ પર આધ્યાત્મિક સાથે રાજકીય કાર્યક્રમોનો ત્રિવેણી સંગમ

### અષાઢી બીજે ભગવાન જગન્નાથની ભવ્ય શોભાયાત્રા યોજાશે : મુસ્લિમ સમાજનો પવિત્ર માસ બાદ રમઝાન ઈદની ઉજવણી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરવલ્લીના આંગણે

મોડાસા, તા. ૨૨

આગામી ૨૫મી જૂન રવિવાર અષાઢી બીજે મોડાસા શહેરમાં ૩૫મી રથયાત્રામાં ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન શુભદ્રા સાથે રથમાં બિરાજમાન થઈ નગરની પરિક્રમાએ નીકળશે. મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ આદરી દેવામાં આવી છે. જે શોભાયાત્રામાં સંતો-મહંતો, હજારો ભકતજનો, ઘોડેસવારો, બેન્ડ, અંગ કસરતના દાવ પેચ, ભજન મંડળીઓ, આકર્ષક ઝાંખીઓ અને અવનવી વેશભૂષાઓ સાથે યુવા હૈયાઓ ડી.જે.ના તાલે ઝુમી ઉઠશે. રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેષ જોષીના જણાવ્યા અનુસાર રથયાત્રામાં મુસ્લિમ બિરાદરો દ્વારા રથયાત્રાનુ સ્વાગત અને અરસ-પરસ સન્માન કરતા કોમી એકતાના દર્શન સાથે સદભાવના જેવા માહોલ જોવા મળી રહે છે.

મુસ્લિમ બિરાદરો દ્વારા પવિત્ર રમઝાન માસમાં રોજા રાખી અલ્લાહની બંદગી કરવામાં આવે છે. રમઝાન માસમાં મુસ્લિમો દ્વારા ગરીબો માટે જકાત કાઢી દાન કરવામાં આવે છે. રમઝાન માસમાં દાનનુ મહત્વ શવિશેષ છે. મુસ્લિમ બિરાદરો રમઝાન માસ પૂર્ણ થતા રમઝાન ઈદની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં હિન્દુ ભાઈઓ દ્વારા મોડાસા ચાર રસ્તા પર ઉભા રહી મસ્જીદમાંથી નમાજ અદા કરી પરત ફરતા મુસ્લિમોને ઈદ-મુબારક પાઠવે છે.

દેશના લોકપ્રિય વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી અરવલ્લી જિલ્લામાં વડાપ્રધાન થયા બાદ સૌપ્રથમ વાર અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરના આંગણે ૩૦મી જૂને આવી રહ્યા છે ત્યારે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિત ભાજપના અગ્રણીઓ ભાજપના મોટા ગજાના કાર્યકરોથી લઈને નાના કદના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વડાપ્રધાનને આવકારવા ખડેપગે તૈયારીઓ આદરી દીધી છે. વડાપ્રધાન અરવલ્લી જિલ્લાની મુલાકાત આગામી સમયમાં યોજાનારા વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાને રાખી સૂચક માનવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાણી પુરવઠા વિભાગના યોજના સહિત મોડાસા બસ સ્ટેન્ડનું ખાતમુહૂર્ત અને જિલ્લામાં સહકાર કરાયેલ વિકાસના કામોનું લોકાર્પણ કરશે.



મેઘરજની પીસીએન અને સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં સરકારના આદેશ અનુસાર બુધવારના રોજ ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે શાળામાં વિદ્યાર્થીઓ અને તાલુકાના તમામ કર્મચારીઓ તેમજ સીનીયર સીટીજનો દ્વારા યોગ તેમજ આસનો કરી વિશ્વયોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# મોડાસામાં અરવલ્લી-સાબરકાંઠા સહિત ત્રણ જિલ્લાઓના કાર્યકરોનુ સંમેલન યોજાયુ

મોડાસા, તા. ૨૨

આગામી ૩૦મી જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાણી




પુરવઠાની નર્મદા આધારિત ત્રણ મહતવાકાંક્ષી કરોડોના ખર્ચે તૈયાર થયેલી યોજનાના લોકાર્પણ ઉપરાંત અન્ય વિકાસના કામોના ભૂમિપૂજન માટે મોડાસામાં વડાપ્રધાન બન્યા પછી પહેલીવાર આવી રહ્યા છે ત્યારે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ત્રણ જિલ્લા અરવલ્લી, સાબરકાંઠા અને માહિસાગરના કાર્યકરોનું વિશાળ સંમેલન યોજાયું હતું.

પ્રદેશ પ્રમુખ જીતુભાઈ ઉપરાંત પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, ઉત્તર ગુજરાતના ઈન્ચાર્જ અને પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ વગેરેએ સંગઠનના કાર્યકરોમાં ઉત્સાહ પ્રેર્યો હતો. રાજ્ય અને કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓને લોકો વચ્ચે દોહરાવવા અપીલ કરી હતી. છેલ્લા વિસ વર્ષમાં ગુજરાતમાં અને ત્રણ વર્ષમાં કેન્દ્રની સરકારો દ્વારા થયેલા લોકોના જનસુખાકારીના કામોની આ મહાનુભાવોએ વિસ્તૃત વિગતો આપી હતી અને આ ઉપલબ્ધીઓ ગામડે ગામડે પહોંચાડવા આહવાન કર્યું હતું.

આ સંમેલનમાં પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પૂર્વ મંત્રી અને પ્રદેશ ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપપ્રમુખ રમીલાબેન બારા, સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા પ્રભારીઓ હર્ષદગિરી ગોસ્વામી, અશોકભાઈ ભાવસાર ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જે.ડી. પટેલ અને મહીસાગર ભાજપ પ્રમુખ જે.પી. પટેલ ઉપરાંત સહકારી આગેવાનો સાબરડેરી ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા સહકારી બેકના ચેરમેન મહેશભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ચાવડા, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર ઉપરાંત પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વી રાજુભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ વગેરે સહિત તમામ સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા ભાજપ મહામંત્રી શામળભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અન્ય જિલ્લા ઉપપ્રમુખો મહેશ પટેલ, જયેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીઓ એસ.એમ. ખાંટ, ધિમંત પટેલ અને દરેક તાલુકા શહેરના પ્રમુખો-મહામંત્રીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સેના દ્વારા આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સેના દ્વારા ખેડૂતોના દેવામાફીને લઈને આવેદનપત્ર આપ્યું. પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સેના દ્વારા ખેડૂતોના વિવિધ પ્રશ્નો અને દેવામાફી માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જયારે મહારાષ્ટ્ર સરકાર અને ઉત્તર પ્રદેશ સરકારની જેમ ગુજરાતના ખેડૂતોના પણ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોનુ દેવુ માફ કરવામાં આવે જેને લઈને પ્રાંતિજ તાલુકા પંચાયતથી તાલુકા સેવાસદન ખાતે રેલી યોજી પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું અને આઠ જુલાઈ સુધી દેવુ માફ કરવામાં નહી આવે તો ગાંધીનગર ખાતે ભુખ હડતાલ પર બેસવાની ચિમકી આપી છે જયારે જિલ્લા પ્રમુખ હિતેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ તાલુકા પ્રમુખ દિપકસિંહ મકવાણા સહિત ક્ષત્રિય સમાજના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.




## સરદારની ભૂમિ પરથી ભાજપના વિજય સંકલ્પનો શંખનાદ

ભાજપાના રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે સરદાર સાહેબની ભૂમિ પરથી ભાજપાના લાખો કાર્યકરો આગામી વિધાનસભાની ચૂંટણીમાં વિજયના સંકલ્પ સાથે કેન્દ્રના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં થઈ રહેલા વિકાસ કામો જન-જન સુધી પહોંચાડી ગુજરાતની જનતા જનાર્દનના સહયોગથી ભાજપા ૧૫૦થી વધુ બેઠકો હાંસલ કરશે એવો વિશ્ર્વાસ વ્યકત કર્યો હતો. શ્રી શાહે નડિયાદ ખાતે ભાજપાના મધ્ય ગુજરાત ઝોનના પેઈઝ પ્રમુખ વિજય વિશ્ર્વાસ મહાસંમેલનને સંબોધન કર્યું હતું. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે આ વિજય સંકલ્પ સંમેલન આગામી ચૂંટણીમાં ભાજપાના વિજયનો પરિચય કરાવે છે. મધ્ય ગુજરાતના આઠ જિલ્લાના ૧૦૫૦૦ બુથ કાર્યકર્તાઓ તથા પેઈજ પ્રમુખો વિજયનો સંકલ્પ લઈને જશે. કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં ભાજપા અધ્યક્ષશ્રી શાહે જણાવ્યું કે કોંગ્રેસ ગુજરાતમાં સત્તાના દિવાસ્વપ્રો જોવાનું બંધ કરી કોંગ્રેસ દેશમાં તેના ૫૦ વર્ષના શાસનનો જનતાને હિસાબ આપે. ભાજપા સરકારના ત્રણ વર્ષનો હિસાબ કોંગ્રેસના ૫૦ વર્ષના શાસનથી આગળ નિકળી જશે તેમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. પ્રારંભમાં ખેડાના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે સૌનો આવકાર કર્યો હતો. આ અવસરે મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રી પંકજ દેસાઈ, જિલ્લા પ્રમુખો, પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ ઉમટી પડયા હતા.